# शील श्रुतम्

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૧૮ અંક : ૧૨ ૧૫-૭-૨૦૦૮ સળંગ અંક : ૨૦૯

સંપાદકો

પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી


## सम्पादकीय

### शिक्षण और पर्यावरण–जागरूकता

सामान्य अर्थों मे शिक्षित-प्रशिक्षित और साक्षर होने से एक आशय यह भी लिया जाता है कि व्यक्तित्व-विकास के साथ-साथ सामाजिक, सांस्कृतिक और राष्ट्रीय जागरूकता बरकरार रहे । इसी क्रम में, आज वैश्विक स्तर पर एक चिन्ता यह उभरी है कि वैज्ञानिक विकास तथा संसाधनों की लगातार बढ़ोत्तरी के बीच पर्यावरण का जतन कैसे किया जाय। यह एक गंभीर मसला है जिसको लेकर दुनियाभर के पर्यावरणविद्, वैज्ञानिक, प्रकृतिप्रेमी खूब चिंतित हैं । आए दिन मीडिया के हवाले से ग्लोबल वॉर्मिंग में इजाफे और ओजोन का स्तर कम होने की खबरें आती रहती हैं। साथ ही ग्लेशियरों के लगातार पिघलने और प्रदूषण के स्तर में क्रमशः वृद्धि के आंकड़े भी हमारे सामने होते हैं। इसे काफी गंभीरता से लेने की जरूरत है और इस मसले के प्रति ज्यादा से ज्यादा जागरूक बनने-बनाने की भी आवश्यकता है। पर्यावरण-जागरूकता का बोध हमारे शिक्षण-प्रशिक्षण का केवल सैद्धान्तिक स्तर पर हिस्सा न बने बल्कि व्यावहारिक स्तर पर भी इस जागरूकता के परिणामों का सामने आना बहुत ही लाजिमी है । यह सही है कि इस चिन्ता को लेकर सरकारी-गैरसरकारी स्तर पर, सामाजिक स्तर पर और अनेक जागरूक संस्थाओं द्वारा समय-समय पर भरसक प्रयास होते रहे हैं, हो रहे हैं। लेकिन, क्या कारण है कि अभी भी हम उन प्रयासों के अपेक्षित परिणामों से काफी दूर हैं। हमें उन कारणों की तह में जाना अभीष्ट लगता है। वैसे तो प्राथमिक शिक्षण से ही पर्यावरण के जतन का बोध कराना शुरू हो जाता है जिसका सकारात्मक परिणाम उच्च शिक्षण तक पहुँचते-पहुँचते सामने आने की अपेक्षा होती है । परन्तु, जैसा कि सर्वविदित है पर्यावरण की रक्षा का प्रश्न दिनोंदिन सुलझने के बजाय उलझता-सा जा रहा है और प्राकृतिक संपदा व संसाधनों के दुरुपयोग की मात्रा में बढ़ोत्तरी हो रही है। पर्यावरण-जतन के प्रति जागरूकता का पाठ हमारे शिक्षण-प्रशिक्षण का एक अनिवार्य हिस्सा होना चाहिए और उसे व्यावहारिक स्तर पर लाकर शिक्षण-प्रशिक्षण की प्रामाणिकता स्वयंसिद्ध होनी चाहिए। यह एक पेचीदा सवाल और मुश्किल ध्येय हो सकता है लेकिन कम से कम असंभव तो नहीं है । चीन जैसे देश आबादी के लिहाज से बड़े होने के बावजूद पर्यावरण-जाग्रति के मुआमलात में काफी उन्नत हैं और अपने प्राकृतिक संसाधनों का सदुपयोग करने में कहीं ज्यादा जागरूक हैं । हमें भी कमोबेश इसी को समझ लेने और व्यवहार में लाने की जरूरत है। शायद शिक्षण-प्रशिक्षण व पर्यावरण-चेतना का यह सुन्दर तालमेल होगा जो समूची सृष्टि तथा मानवजाति के हित में है ।

इस क्रम में, बुनियादी तौर पर, वैयक्तिक स्तर पर जागरूकता पैदा करने का कार्य अपने आप में भगीरथ कार्य होगा तथा अधिक से अधिक सुविधाएँ हासिल करने की दौड़ और होड़ में हमें यह भी ध्यान रखने की आवश्यकता होगी कि हम आगामी पीढ़ी को कौन-सा विश्व सौंपकर जाएँगे। पर्यावरण के जतन और प्राकृतिक संसाधनों के प्रति यह चिन्ता आज भले ही हमें ज्यादा न सताती हो लेकिन आगामी पीढ़ियों को इसका सामना किसी न किसी रूप में करना पड़ सकता है। ऐसे में, समय रहते जागरूक बनना-बनाना इस दिशा में न केवल उपयोगी है बल्कि हर एक के लिए हितकारी भी है।

**– मदनमोहन शर्मा**

## Teaching - Learning

➤ ગુજરાત સરકારની કર્મયોગી યોજના અંતર્ગત ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની સજજતા માટે એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન અને જી.સી.ઇ.આર.ટી.ના સંયુક્ત ઉપક્રમે તા. ૧-૫-૨૦૦૮થી તા. ૩-૫-૨૦૦૮ દરમ્યાન **એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન** ખાતે ત્રિદિવસીય આર.પી. ટ્રેનીંગનું આયોજન થયું. સમગ્ર ગુજરાત રાજ્યના ભૌતિક વિજ્ઞાનના ૬૧ શિક્ષકો આ સેમિનારમાં સહભાગી થયા.

ઉદ્‌ઘાટનવિધિમાં એચ. એમ. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઑફ ઇંગ્લીશ ટ્રેનીંગ એન્ડ રીસર્ચ, વલ્લભ વિદ્યાનગરના ડાયરેક્ટરશ્રી પ્રો. આર. પી. જાડેજા, એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનના આચાર્યશ્રી પ્રિ. (ડૉ.) એન. આર. પટેલ અને સંસ્થાના અધ્યાપકશ્રી (ડૉ.) જે.બી. પટેલ ઉપસ્થિત રહ્યા. પ્રો. આર. પી. જાડેજાએ વિજ્ઞાનના ભવિષ્યલક્ષી પડકારોને ઝીલવા પ્રવર્તમાન વિજ્ઞાનશિક્ષણ વધુ ગુણવત્તાયુક્ત બનાવવા પ્રેરક સંદેશ પાઠવ્યો. પ્રિ. (ડૉ.) એન. આર. પટેલે તજ્જ્ઞોને પ્રશિક્ષણવર્ગમાં સક્રિય રીતે જોડાઇ પ્રાપ્ત કરેલ વિશિષ્ટ જ્ઞાનને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા પ્રતિબદ્ધ બની કર્મયોગી યોજનાનો હેતુ સિદ્ધ કરવા અંગેનો માર્ગ ચીંધ્યો.

કર્મયોગી શિબિરના પ્રથમ દિવસે અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગના નિવૃત્ત પ્રોફેસર ડૉ. પી. ડી. પટેલે ''વિકિરણ અને દ્વૈતસ્વભાવ'', પ્રો. એ. આર જાનીએ ધો. ૧૧ના પાઠ્યપુસ્તકની પાયાની સંકલ્પનાઓ અને વી. પી. સાયન્સ કોલેજના અધ્યાપક ડૉ. જે. કે. બારીઆએ 'નેનો ટેકનોલોજી' વિશે રસપ્રદ પ્રવચનો આપ્યાં અને શિક્ષકો સાથે પ્રશ્નોત્તરી દ્વારા તેમના પ્રશ્નોના નિરાકરણ માટે માર્ગદર્શન આપ્યું. રાત્રિ બેઠકમાં 'તારે જમી પર' ચલચિત્ર દર્શન રાખવામાં આવ્યું હતું.

દ્વિતીય દિવસ તા. ૨-૫-૨૦૦૮ના રોજ વી.પી. સાયન્સ કોલેજના અધ્યાપક ડૉ. ટી. આર. પટેલે 'સેમીકન્ડકટર્સ, ઇલેક્ટ્રોનિક્સ દ્રવ્યો, કમ્યુનિકેશન સીસ્ટમ વિશે', ડૉ. એસ. જી. પટેલે 'સેમીકન્ડકટર્સ-ડાયોડની રચનાઓ, પરિચય અને કાર્યપદ્ધતિ', પ્રો. એ. આર. જાનીએ 'ક્વોન્ટમ વિજ્ઞાનનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય અને તેની વિકાસગાથા દ્વારા દ્વૈતવાદ'ની સમીક્ષા કરી. ત્યારબાદ ચલચિત્ર આધારિત પ્રશ્નોત્તરી ચર્ચા રાખવામાં આવેલ. પ્રિ. (ડૉ.) એન. આર. પટેલે ''વિદ્યાર્થી શિક્ષામુક્તિ અભિયાન'' અંગે ઉદાહરણો અને સમસ્યાઓ આધારિત વર્ગખંડ ઉપયોગી મનનીય પ્રવચન આપ્યું. ભૌતિકશાસ્ત્રના સૈદ્ધાંતિક અને પ્રાયોગિક શિક્ષણ દરમ્યાન ઉદ્‌ભવતા પ્રશ્નોના ઉકેલ માટે ડૉ. નીપા ભરૂચા અને ડૉ. જે. બી. પટેલે માર્ગદર્શન આપ્યું.

તા. ૩-૫-૨૦૦૮ના તૃતીય દિવસે ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા પ્રો. કે. એન. જોષીપુરાએ 'પ્રાયોગિક નિદર્શન અને ભૌતિક વિજ્ઞાનની સંકલ્પનાઓ' અંગે વિશિષ્ટ શૈલીમાં રજૂઆત કરી. ભૌતિકશાસ્ત્ર વિભાગના રીડર ડૉ. બી. વાય. ઠાકોરે ''કમ્પ્યુટર સિમ્યુલેશન્સ : શૈક્ષણિક સાધન તરીકે'' રજૂ કરી ધો. ૧૧, ૧૨ ભૌતિકશાસ્ત્રના પાઠ્યપુસ્તકોની વિવિધ સંકલ્પનાઓ અને સિદ્ધાંતો રજૂ કર્યા.

ડૉ. જે. બી. પટેલે 'બાળનિરોગી વર્ષ' અને ડૉ. નીપા ભરૂચાએ ભૌતિક વિજ્ઞાન વિષયમાં અભિયોગ્યતા કસોટીઓ દ્વારા માનસિક શક્તિઓના વિકાસ અંગે પ્રશ્નોની રચના અને નમૂના સહ નિદર્શન કર્યું.

સમાપનવિધિમાં સહભાગી શિક્ષકોએ પ્રતિભાવ રજૂ કર્યા, કો-ઓર્ડિનેટર ડૉ. નીપા ભરૂચાએ સમગ્ર સેમિનાર પ્રતિભાવો રજૂ કર્યા. અધ્યક્ષ પ્રિ. (ડૉ.) એન. આર. પટેલે સેમિનારની સાર્થકતા સિદ્ધિ અંગેનો સંતોષ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ ડૉ. જે. બી. પટેલે કરી.

➤ **Dr. Raju M. Rathod** delivered speech as Key Note Speaker on "Business Innovation: Key to Success" in one day state level seminar on Industrial Engineering and Management, organised by Gandhinagar Institute of Management, Ahmedabad.

**Dr. Raju M. Rathod** also delivered Expert Lecture on Various Aspects of Marketing Management and Consumerism at Work Shop organized for secondary school teachers on consumer club activities by Postgraduate Department of M.Sc. (Home Science).

He also imparted the training to 9th Standard students at M. U. Patel Technical High School. The training was organised by Junior Chamber International, Vallabh Vidyanagar. The topic of the training was 'Role Model and Goal Setting'. He also delivered lecture on 'Examination Preparation by SWOT Analysis' at S. D. Desai High School. The lecture was organised by JCI, Vallabh Vidyanagar.

➤ અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગના રીડર **ડૉ. બળદેવ આગજા** લિખિત પુસ્તક **'ગુજરાતનું રાજકારણ'** ના વિમોચનનો કાર્યક્રમ ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક પ્રો. સુદર્શન આયંગારની અધ્યક્ષતામાં તાજેતરમાં વિદ્યાપીઠ ખાતે યોજાઇ ગયો. આ પ્રસંગે સુખ્યાત સામાજિક વિજ્ઞાની પ્રો. પ્રવીણ શેઠ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અતિથિવિશેષ હતા પ્રવીણ રાષ્ટ્રપાલ (સાંસદ, રાજ્યસભા). જાણીતા સમાજશાસ્ત્રી પ્રો. દિનેશ શુકલે 'ગુજરાતનું રાજકારણ' પુસ્તકનો પરિચય આ પ્રસંગે કરાવ્યો હતો. ડૉ. બળદેવ આગજાને અભિનંદન.

# રીસર્ચ પ્રોજેક્ટ મંજૂર થયા

| ક્રમ | નામ/વિભાગ | કુલ રૂા./મુદ્દત | સંશોધન વિષય | સૌજન્યદાતા |
|---|---|---|---|---|
| ૧. | ડૉ. જિજ્ઞેશ એચ. ત્રિવેદી<br>અનુ. રસાયણશાસ્ત્ર વિભાગ | ૧૦,૧૭,૭૫૦/-<br>ત્રણ વર્ષ | Studies in Potential Graft Copolymers of an industrially important marine Polysaccharide sodium salt of partially carboxymethylated sodium alginate | મિનિસ્ટ્રી ઑફ અર્થ સાયન્સ, ભારત સરકાર |
| ૨. | ડૉ. એમ. પી. દેશપાંડે<br>અનુ. ભૌતિકશાસ્ત્ર વિભાગ | ૧૦,૨૧,૮૦૦/-<br>ત્રણ વર્ષ | Growth and Characterization of $Bi_2Se_3$ single crystals by vapour phase technique and its application for thermoelectric devices | UGC, નવી દિલ્હી |
| ૩. | ડૉ. પી. કે. પ્રિયાન<br>અનુ. એમ.બી.એ. વિભાગ | ૨,૦૮,૬૦૦/-<br>ત્રણ વર્ષ | Incubation centres-A critical requisite for techno entrepreneurship: A study on Gujarat experiences | UGC, નવી દિલ્હી |
| ૪. | ડૉ. યોગેશ સી. જોશી<br>અનુ. એમ.બી. એ. વિભાગ | ૨,૧૦,૦૦૦/-<br>બે વર્ષ | A Study of Management of public policies for poverty alleviation: Role of other stake holders at institutional changes in Gujarat and Rajasthan in western India | UGC, નવી દિલ્હી |
| ૫. | ડૉ. દત્તા માદમવાર<br>અનુ. બાયોસાયન્સિસ વિભાગ | ૧૧,૬૬,૩૦૦/-<br>ત્રણ વર્ષ | Biotechnological Process for synthesis of food esters in organics solvents using microemulsion based organogel entrapped lipases | UGC, નવી દિલ્હી |
| ૬. | ડૉ. કે. ડી. પટેલ<br>અનુ. ભૌતિકશાસ્ત્ર વિભાગ | ૮,૭૮,૩૦૦/-<br>ત્રણ વર્ષ | Growth and characterization of some TMDC compound semiconcutor thin films for their application in the schottky barrier devices | UGC, નવી દિલ્હી |
| ૭. | ડૉ. અમિતા આર. શાહ<br>અનુ. બાયોસાયન્સિસ વિભાગ | ૧૧,૫૩,૩૦૦/-<br>ત્રણ વર્ષ | Microbial Conversion of Agro residues and Liquid industrial waste to high value products | UGC, નવી દિલ્હી |
| ૮. | ડૉ. હિતેશ એન. પટેલ<br>અનુ. સમાજશાસ્ત્ર વિભાગ | ૬,૦૧,૩૦૦/-<br>ત્રણ વર્ષ | Elderly in the Rural Areas of Gujarat: Role, Status, Life Condition and Problems | UGC, નવી દિલ્હી |
| ૯. | ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ<br>અનુ. ગુજરાતી વિભાગ | ૨,૮૦,૦૦૦/-<br>બે વર્ષ | The Study of Indian Folk-drama in Gujarat | UGC, નવી દિલ્હી |
| ૧૦. | ડૉ. (મિસ) એસ. એમ. મનોચા<br>અનુ. મટીરીયલ સાયન્સ વિભાગ | ૧૦,૨૧,૮૦૦/-<br>ત્રણ વર્ષ | Development and characterization of carbon ceramic foam for high temperature applications | UGC, નવી દિલ્હી |
| ૧૧. | ડૉ. કે. એસ. રાવ<br>અનુ. બાયોસાયન્સિસ વિભાગ | ૬,૨૬,૮૦૦/-<br>ત્રણ વર્ષ | Pattern distribution and heterogenesity of Lignification in tropical trees | UGC, નવી દિલ્હી |
| ૧૨. | પ્રો. એચ. જે. જાની<br>અનુ. એમ.બી. એ. વિભાગ | ૨,૬૦,૦૦૦/-<br>બે વર્ષ | Environmental Management: Expectation, experience and benifits: A Study of some ISO-14000 certified companies in India | UGC, નવી દિલ્હી |

## Extension

**કુશળ, કેળવાયેલો, જ્ઞાનસંપન્ન યુવા વર્કફોર્સ સમગ્ર વિશ્વને પૂરો પાડવા સરદાર પટેલ યુનિવર્સિટી આગળ વધે, સરકાર તમારી સાથે છે- શ્રીમતી ડૉ. માયાબહેન કોડનાની, ઉચ્ચ શિક્ષણ મંત્રી, ગુજરાત રાજ્ય**

સરદાર પટેલ યુનિવર્સિટીની પ્રથમવાર સત્તાવાર મુલાકાતે પધારેલાં **ગુજરાત રાજ્યનાં ઉચ્ચ શિક્ષણ મંત્રી શ્રીમતી ડૉ. માયાબહેન કોડનાની**એ આનંદ અને સંતોષ વ્યક્ત કરતા ઉપરોક્ત શબ્દો ઉચ્ચાર્યા હતા.

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. ભરતભાઇ જી. પટેલે ઉચ્ચ શિક્ષણ મંત્રીશ્રીનું સમગ્ર યુનિવર્સિટી પરિવાર વતી ઉષ્માપૂર્વક સ્વાગત કર્યું હતું. યુનિવર્સિટીના સેનેટ, સિન્ડીકેટ સભ્યો, જુદા જુદા વિભાગોના વડાઓ, વરિષ્ઠ અધ્યાપકો અને વહીવટી અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રો. એચ. જે. જાનીએ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા યુનિવર્સિટીના મિશન, વિઝન અને છેલ્લા પાંચ વર્ષની ઉપલબ્ધિઓ, ભાવિ યોજનાઓનો ટૂંકમાં ખ્યાલ આપ્યો હતો.

સરદાર પટેલ યુનિવર્સિટીમાં ૬૯ જેટલા વિદેશી વિદ્યાર્થીઓ આજે અધ્યયન કરી રહ્યા છે. વળી, વિશ્વની અગ્રણી યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ સાથે સરદાર પટેલ યુનિવર્સિટીએ એમ.ઓ.યુ. કર્યું છે એનાથી ડૉ. માયાબહેન કોડનાનીએ આનંદ વ્યકત કર્યો હતો. આજે આપણા દેશના માત્ર ૧૦% વિદ્યાર્થીઓ જ ઉચ્ચ શિક્ષણના દ્વાર સુધી પહોંચી શકે છે. એમાં પણ પીએચ.ડી. વિદ્યાર્થીઓ અને માર્ગદર્શકો વચ્ચે મોટી ગેપ છે એ બાબતે એમણે ચિંતા વ્યક્ત કરી હતી. યુનિવર્સિટી ડિગ્રીઓ આપીને બેકારો પેદા કરવાનું કારખાનું ના બની રહે એ માટે એમણે પોતાની નિસ્બત વ્યક્ત કરી હતી. આવા સંજોગોમાં વલ્લભ વિદ્યાનગર ખાતે સરદાર પટેલ યુનિવર્સિટીની સર્વતોમુખી પ્રગતિથી એમણે આનંદ વ્યકત કર્યો હતો. આમ છતાં એમણે જણાવ્યું હતું કે, સ્કાય ઇઝ ધ લીમીટ, આગળ વધો સરકાર તમારી સાથે છે.

ઉચ્ચ શિક્ષણ મંત્રી શ્રીમતી ડૉ. માયાબહેન કોડનાનીએ યુનિવર્સિટીના કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અને કોમ્યુનિટી રેડિયો સ્ટેશનની પણ મુલાકાત લીધી હતી. ત્યાં એમણે રેડિયો સ્ટેશનને મુલાકાત આપી હતી. રેડિયો સ્ટેશન અને કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અત્રે જે પ્રવૃત્તિઓ કરી રહ્યું છે એનાથી તેઓ પ્રભાવિત થયાં હતાં.

સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન, નલિની એન્ડ અરવિંદ આર્ટ્સ કોલેજના ભૂતપૂર્વ હિન્દી વિભાગાધ્યક્ષ અને હાલ રાજસ્થાનના ચિત્તોડગઢ સ્થિત ‘પદ્મિની આર્ય કન્યા ગુરુકુલના પ્રધાન સંચાલક તરીકે કાર્યરત, પૂર્વાશ્રમના પ્રો. ડૉ. ઓમાનન્દ રૂ. સારસ્વત, સંપ્રતિ સ્વામી ઓમ્ આનંદ સરસ્વતીજીની, ૭૫મી જન્મજયંતિ નિમિત્તે ચિત્તોડગઢના જિલ્લા કલેકટરશ્રી અગ્રવાલ અને સાંસદ શ્રી કૃપલાનીજીના વિશેષ અતિથિપદે આયોજિત, ‘ઋત-અમૃત મહોત્સવ’માં ભારતનાં તમામ પ્રાંતોમાંથી આમંત્રિતોનું સારસ્વતોનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી બિપીનભાઇ પી. પટેલ (વકીલ) દ્વારા સ્થાપિત આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત શ્રી જે. એમ. પટેલ આર્ટ્સ કોલેજના ‘પી.જી. સેન્ટર એન્ડ રીસર્ચ ઇન હ્યુમેનિટિઝ સેન્ટર’ના સંયોજક **ડૉ. પ્રો. કાન્તિલાલ રા. દવે**નું તેમની સાહિત્ય અને સંશોધનવિષયક વિશિષ્ટ સિદ્ધિઓ બદલ, ચિત્તોડગઢના વિજયસ્તંભનું પ્રતીક અર્પણ કરીને શાલ ઓઢાડીને પુષ્પહાર દ્વારા જાહેર બહુમાન કરવામાં આવ્યું હતું.’ આ પ્રસંગે પ્રકાશિત, ૧૬૦૦ પૃષ્ઠોના, સાહિત્ય, ભક્તિ ઔર દર્શન નામના ‘ડૉ. સારસ્વત અભિનંદન ગ્રંથ’ સહિત અન્ય ગ્રંથો પણ અર્પણ કરવામાં આવ્યા હતા.

**Dr. Manisha S. Bhatt,** Principal, Sardar Patel Commerce College, Boriavi actively participated as an expert in the workshop for National Talent Search Competition on 8th June 2008 held at Acropolis Institute of Management Studies and Research, Indore (M.P.).

શ્રી રામકૃષ્ણ મિશન, વડોદરા શાખાના વડા સ્વામિ નિખિલેશ્વરાનંદજીએ **સેમકોમ કોલેજ**માં ઓડિટોરિયમ ખાતે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ સાથેની એક ગોષ્ઠિમાં વ્યક્તિગત વિકાસ માટે મૂલ્યનિષ્ઠ બનવાની શિખ આપી હતી.

મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને નિરંતર શિક્ષણનાં ભાગરૂપે નવા વર્ષની શરૂઆત સ્વામિ નિખિલેશ્વરાનંદજીના વ્યાખ્યાનથી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્યશ્રી ડૉ. નિખિલ ઝવેરીએ સ્વામિજીને આવકાર્યા હતા.

સ્વામિજીએ સ્વામિ વિવેકાનંદના શબ્દો ટાંકીને જણાવ્યું હતું કે ભારતની આધ્યાત્મિકતા હું કોણ છું નો જવાબ વેદાંતના વિચારો પ્રમાણે આપે છે, ‘‘તમે તો ઇશ્વરના સંતાનો છો, અક્ષય સુખના અધિકારી છો, પવિત્ર અને પૂર્ણ આત્માઓ છો’’.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ,** આણંદમાં પ્રથમ વર્ષ બી.કોમ. અંગ્રેજી માધ્યમનાં વિદ્યાર્થીઓનો કોલેજના આચાર્ય પ્રો. બી. સી. ગાંધીના અધ્યક્ષપણા હેઠળ ભાઇકાકા હોલમાં અભિમુખતા કાર્યક્રમ યોજાયો.

આચાર્યશ્રીએ સર્વ વિદ્યાર્થીને શુભેચ્છા સહ આવકાર્યા હતા તથા કોલેજમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો, ઇતર પ્રવૃત્તિઓ, શૈક્ષણિક-બિન શૈક્ષણિક વહીવટી માહિતી, લાયબ્રેરીની સવલત, ઇન્ટરનેટ સુવિધા, શિસ્ત, નિયમિતતા, પ્રામાણિકતા, હાજરી, વ્યાખ્યાનો, એસાઇનમેન્ટ, કોલેજનું પરિણામ વિવિધ વિષયો માટે અપાતા પ્રોત્સાહક ઇનામો, વિમેન સેલ વગેરેની ટૂંકમાં માહિતી જુદા જુદા મહાનુભાવોએ આપી હતી.

આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન તથા આભાર દર્શન પ્રા. ટી. એન. ચૌધરીએ કર્યું હતું.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, **એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**, આણંદ ખાતે શરૂ થતા નવીન શૈક્ષણિક વર્ષ તાલીમાર્થીઓને આવકાર અને પ્રવેશોત્સવમાં કુમકુમ તિલક કરીને કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કોલેજના આચાર્ય ડૉ. ડી.યુ. પટેલ સાહેબે તાલીમાર્થીઓને તાલીમનું મહત્વ સમજાવતું પ્રેરક ઉદ્બોધન કર્યું હતું.

➢ શ્રી બોરીઆવી કેળવણી મંડળ દ્વારા સંચાલિત **સરદાર પટેલ આર્ટ્સ, સરદાર પટેલ કોમર્સ અને બી.બી.એ. પ્રોગ્રામ કોલેજ**માં તારીખ ૧૬-૬-૨૦૦૮ના રોજ એફ.વાય.બી.સી.એ. અને એફ.વાય. બી.બી.એ. (આઇ.ટી.એમ.)માં નૂતન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ મંડળના માનદ્ મંત્રીશ્રી ગુરૂચરણ એ. પટેલના અધ્યક્ષસ્થાને યોજાઇ ગયો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. અનિલા મિશ્રા અને ભાવનાબેન પટેલે કર્યું હતું.

- આ જ કોલેજમાં તૃતીય વર્ષ બી.એ. (ગુજરાતી)માં અભ્યાસ કરતાં **હરસિદ્ધ વાય. ભટ્ટ**ની ગુજરાત રાજ્ય એન.એસ.એસ. પરિવાર દ્વારા **રાજ્યના શ્રેષ્ઠ એન.એસ.એસ. ગૌરવ પુરસ્કાર** માટે સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી એકમાત્ર વિદ્યાર્થીની પસંદગી થઇ છે. મંડળના માનદ્મંત્રીશ્રી ગુરૂચરણ એ. પટેલે વિદ્યાર્થીની આ ઝળહળતી પ્રતિભાશક્તિને આવકારી અને અભિનંદન પાઠવ્યા છે. તો સંસ્થાના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓમાં રહેલી સેવા અને કર્તવ્યપરાયણની સદ્વૃત્તિને સતત સંકોરતા રહેવાની હાકલ કરીને અન્ય વિદ્યાર્થીઓને પણ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લઇ સંસ્થાનું નામ રોશન કરવાનું જણાવ્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૨૧-૬-૦૮ના શનિવારના રોજ C.W.D.C.ના નેજા હેઠળ **''માતૃસંમેલન''**નું આયોજન કરવામાં આવ્યું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. આમ્રપાલી મર્ચન્ટ હાજર રહ્યા હતા. સંસ્થાના વડા ડૉ. માલાબેને મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ સંમેલનમાં કુલ ૬૫ માતાઓ હાજર રહી હતી. એટલું જ નહિ પોતાના પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી જાનકીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રો. વિભા ખેર અને પ્રો. બિજલ મિસ્ત્રીએ કર્યું હતું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન,** આણંદ ખાતે **શ્રી જયકૃષ્ણભાઇ પ્રભુદાસ ઠક્કર પ્રદત્ત વિજય પદ્મ વક્તૃત્વ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં આણંદ જીલ્લાની ગ્રામ્ય વિસ્તારની જુદી જુદી કુલ ૧૧ શાળાઓના ૨૨ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં સરદાર પટેલ માધ્યમિક શાળા, વાસણાના છાસટિયા રણદીપસિંહ રણજીતસિંહ, સરદાર પટેલ વિનય મંદિર, વાસદના પટેલ વૈશાલીબેન રમેશભાઇ તેમજ સરદાર પટેલ વિનય મંદિર, ઓડના સોની એકતા અતુલભાઇ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે રહ્યા હતા અને શ્રી જયકૃષ્ણભાઇ પ્રભુદાસ ઠક્કર પ્રદત્ત વિજય પદ્મ શિલ્ડ સરદાર પટેલ વિનય મંદિર, વાસદની વિદ્યાર્થીનીઓ પટેલ વૈશાલીબેન રમેશભાઇ અને પ્રજાપતિ કિંજલ આર. ને અધ્યક્ષ ડૉ. એ. ડી. શાહે તેમજ પ્રિ. ડૉ. દિલીપભાઇ યુ. પટેલે અર્પણ કર્યો હતો. તમામ વિજેતા સ્પર્ધકોને ઇનામ તથા સર્ટિફિકેટ અર્પણ કરાયાં હતાં. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. પ્રવીણભાઇ વાઘેલા, ડૉ. અમિતાબેન પટેલ તેમજ શ્રી દક્ષાબેન ખડાયતાએ પોતાની સેવા આપી હતી.

સમગ્ર કાર્યક્રમ અંગે સ્પર્ધાના ઇન્ચાર્જ પ્રા. લક્ષ્મણભાઇ બલાત સાહેબે માર્ગદર્શન આપ્યું હતું. અંતે આભારવિધિ ડેકલિયા કિરણે કરી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રજાપતિ રૂપલ વી. અને ભોયે સતીશે કર્યું હતું.

➢ "National Science Week" (રાષ્ટ્રીય વિજ્ઞાન સપ્તાહ)ની ઉજવણીના કાર્યક્રમો પૈકીનો એક કાર્યક્રમ તાજેતરમાં **મ્યુઝિયમ ભવન**માં યોજાયો હતો. **બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય અને યુનિવર્સિટી મ્યુઝિયમ**ના સંયુક્ત ઉપક્રમે ખનીજો, ''ખડકો અને અશ્મિભૂત અવશેષો'' વિષય પર એક પ્રદર્શન યોજાયું હતું અને તે સંદર્ભમાં શ્રી ધર્મેશ મોદી (બી.વી.એમ.) અને શ્રી નંદન શાસ્ત્રી (યુનિવર્સિટી મ્યુઝિયમ) એ પ્રસંગોચિત વ્યાખ્યાનો વે મેઇડ કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આપ્યા હતા.

## ભારતનો પરમાણુ કરાર અને પરમાણુ ક્ષમતા

અમેરિકા સાથેના પરમાણુ કરારને કારણે હાલમાં કેન્દ્રની મનમોહનસિંહ સરકાર વિવાદમાં છે. પરન્તુ વિવાદ અમેરિકામાં પણ ઘણો છે. અમેરિકામાં કેટલાક સંરક્ષણ નિષ્ણાતો એમ માને છે કે, ભારતના લશ્કરી પરમાણુ રિએક્ટરોને આઇએઇએ (ઇન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સી)ની નજર હેઠળ નહીં રાખવાનું સ્વિકારીને અમેરિકાએ ભારતને ઘણી વધારે પડતી છૂટ આપી છે. ભવિષ્યમાં હવે બીજા દેશ પણ આ રીતે જ પોતાના લશ્કરી પરમાણુ કાર્યક્રમને બાકાત રાખવાની જ વાત કરશે. ઇરાન અને કોરિયા જેવા દેશો પણ આ જ રટ પકડશે. આ વાત સૈદ્ધાંતિક રીતે સાચી છે. પણ વ્યવહારુ રીતે નહીં. ભારત પરમાણુ શસ્ત્રો બીજાને આપે તેવી કોઇ શક્યતા છે નહી તે અમેરિકા પણ સારી રીતે જાણે છે.

હવે વાત કરીએ ભારતની પરમાણુ કરાર યોજનાની.

(૧) **ફાસ્ટ બ્રીડર રિએક્ટર :** ભારત પ્રોટોટાઇપ ફાસ્ટ બ્રીડર રિએક્ટર અને ફાસ્ટ બ્રીડર રિએક્ટર પર સુરક્ષા નિયમ સ્વિકાર કરવાની સ્થિતિમાં નથી. આ બન્ને રિએક્ટર કલ્પક્કમમાં સ્થિત છે. ફાસ્ટ બ્રીડર કાર્યક્રમ અનુસંધાન અને વિકાસના ચરણમાં છે.

(૨) **તાપીય ઉર્જા રિએક્ટર :** ભારત ૨૦૦૬થી ૨૦૧૪ની વચ્ચે ૧૪ તાપીય ઉર્જા રિએક્ટરોને તારવીને તેમને આઇએઇએનાં સુરક્ષા નિયમોને આધીન લાવશે. હાલમાં કાર્ય કરી રહેલ અને નિર્માણ પામી રહેલા તાપીય ઉર્જા રિએક્ટરોની સંખ્યા ૨૨ છે. તેથી હાલમાં તાપીય ઉર્જા ક્ષમતા ૧૯ પ્રતિશત મેગાવોટથી વધીને ૨૦૧૪માં ૬૫ પ્રતિશત મેગાવોટ થઇ જશે.

(૩) **ભાવિ રિએક્ટર :** ભારતે નિર્ણય કર્યો છે કે, ભવિષ્યમાં બધા બીનલશ્કરી તાપીય ઉર્જા રિએક્ટરો અને બીનલશ્કરી બ્રીડર રિએક્ટરોને સુરક્ષા નિયમોનાં આધીન લવાશે તથા તેમને બીનલશ્કરી રિએક્ટર ઘોષિત કરવાનો અધિકાર ફક્ત ભારત પાસે જ રહેશે.

(૪) **શોધ સુવિધાઓ :** ભારત નીચેની સુવિધાઓને બીનલશ્કરી ઘોષિત કરશે.

(૧) ટાટા મૌલિક અનુસંધાન સંસ્થાન
(૨) વેરિએબલ એનર્જી સાઇકલોટીન સેન્ટર
(૩) સાકા નાભિકીય ભૌતિક સંસ્થાન
(૪) પ્લાઝમા અનુસંધાન સંસ્થાન
(૫) ભૌતિકી સંસ્થાન
(૬) ટાટા મેમોરિયલ સેન્ટર

(૭) બોર્ડ ઑફ રેડિએશન અને આઇસોટોપ ટેકનોલોજી
(૮) હરિશ્ચન્દ્ર અનુસંધાન સંસ્થાન

(૫) **ડાઉન સ્ટ્રીમ સુવિધા :** ભારત બીનલશ્કરી સુવિધા જાહેર કરી શકશે.

૧) ભારત તારાપુર ઉર્જા રિએક્ટર ઇંધણ પુનર્પુસંસ્કરણ સંયંત્રનાં મામલામાં ૨૦૧૦ના બાદ અભિયાનનાં રૂપમાં સુરક્ષા નિયમોને સ્વીકારવા તૈયાર છે.

૨) તારાપુર તથા રાજસ્થાનના રિએક્ટરો સિવાયનાં પ્રયુક્ત ઇંધણ ભંડારોને ૨૦૦૬થી ૨૦૦૯ની વચ્ચે તબક્કાવાર ચરણોમાં સુરક્ષા નિયમોનાં અંતર્ગત લવાશે.

(૬) **સુરક્ષા નિયમ :** અમેરિકા દ્વારા એ કરારમાં વિશ્વાસ આપવામાં આવ્યો છે કે તે ભારતનાં આ રિએક્ટરોનાં માટે ઇંધણની પૂર્ણ આપૂર્તિ માટેની આવશ્યક પરિસ્થિતિઓનું નિમાર્ણ કરશે. ૧૮ જુલાઇ ૨૦૦૬નાં સંયુકત વકતવ્ય પ્રમાણે અમેરિકા પોતાના ઘરેલું કાનૂનોમાં પરિવર્તન લાવી કોંગ્રેસમાં સહમતિ પ્રાપ્ત કરાવવા માટે વચનબદ્ધ છે. તે પરમાણુ આપૂર્તિકર્તા દેશોનો સાથ મેળવી આપવા માટે પણ પ્રયત્નો કરશે, કે, જેથી ભારતને પોતાની પરમાણુ ઇંધણની આવશ્યકતાને વિશ્વ બાજારમાંથી પ્રાપ્ત કરવામાં કોઇ અસુવિધા ન થાય તથા વિભિન્ન દેશોની આપૂર્તિ-ફર્મોમાંથી નિરંતર ઇંધણ પ્રાપ્ત થયા કરે.

**ભારતનો શો ફાયદો ?**

- ભારતનો લશ્કરી પરમાણુ કાર્યક્રમ એકદમ સ્વતંત્ર રહેશે અને તેમાં કોઇની દખલગીરી નહીં હોય. આઇએઇએ ભારતના નાગરિક પરમાણુ કાર્યક્રમ એટલે કે વીજળી ઉત્પન્ન કરવા માટેના કાર્યક્રમ પર જ નજર રાખશે અને ભારતનાં શાંતિપૂર્ણ ઉપયોગ માટેનાં પ્લાન્ટ્સની જ ચકાસણી કરશે.
- ભારતને વીજળી ઉત્પન્ન કરવા માટે સતત પરમાણુ બળતણ મળતું રહેશે. ભારત આંતરરાષ્ટ્રીય બજારમાંથી જયાંથી ઇચ્છે ત્યાંથી પરમાણુ બળતણ મેળવી શકશે.
- ભવિષ્યમાં પરમાણુ બળતણ મેળવવામાં કોઇ અડચણ ઊભી થાય તેવા સંજોગોમાં પહોંચી વળવા માટે ભારત પોતાનો અનામત બળતણ પુરવઠો ઊભો કરી શકશે. ભારતે તેના લશ્કરી અને નાગરિક પરમાણુ કાર્યક્રમને અલગ પાડવાનાં રહેશે અને પ્લાન્ટ્સને અલગ પાડવાનાં રહેશે. જો કે આમ તેણે તબક્કાવાર રીતે કરવાનું છે.

**પ્રા. હિતેશ આર. પટેલ**
**અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગ**
E-mail: patelhitesh7@yahoo.com

## Governance

### યુનિવર્સિટીની વિવિધ ચેર્સના અધ્યક્ષોની નિમણૂંક

- **કોર્પોરેશન બેંક ચેર ઇન મેનેજમેન્ટ**ના અધ્યક્ષ તરીકે **ડૉ. જે. એસ. પનવાર**, વડાશ્રી, એમ.બી.એ.ની નિમણૂંક તા. ૧ મે ૨૦૦૮ થી ૩૦ એપ્રિલ ૨૦૧૦ સુધી કરવામાં આવી.

- **ડૉ. બાબાસાહેબ આંબેડકર અદયયન એકમ પ્રકલ્પ (ચેર)**ના ચેરપર્સન (અધ્યક્ષ) તરીકે **ડૉ. એચ. એન. પટેલ**, પ્રોફેસર, અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગની નિમણૂંક તા. ૧ મે ૨૦૦૮થી ૩૦ એપ્રિલ ૨૦૧૦ સુધી કરવામાં આવી.

### નવા સુવર્ણચંદ્રક એનાયત થશે

- **એમ.એસસી (ઝૂલોજી)**ની યુનિવર્સિટીની બાહ્ય પરીક્ષામાં બધા જ સેમેસ્ટરમાં સર્વાધિક બાહ્ય ગુણ મેળવીને પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને ડિસેમ્બર ૨૦૦૮માં યોજાનારા ૫૧મા પદવીદાન સમારંભથી **"ડૉ. રક્ષાભંડી શેલજા મેમોરીયલ ગોલ્ડ મેડલ"** એનાયત થશે.

- **ફાઇનલ એમ.બી.બી.એસ.**ની યુનિવર્સિટીની બાહ્ય પરીક્ષામાં બધા જ વિષયમાં સર્વાધિક બાહ્ય ગુણ મેળવીને પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને **"ડૉ. એચ. સી. શ્રીવાસ્તવ, એમ.એસ.એફ.એ., એમ.એસ. ગોલ્ડ મેડલ"** આગામી ડિસેમ્બર ૨૦૦૮માં યોજાનારા ૫૧માં પદવીદાન સમારંભથી એનાયત કરવામાં આવશે.

### અનુસ્નાતક વિભાગોના નવા વડા નિમાયા

- અનુસ્નાતક અંગ્રેજી વિભાગ, **ડૉ. જે. એચ. ખાન** - ૩૦ જૂન ૨૦૦૮થી પાંચ વર્ષ માટે.

- અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગ, **ડૉ. એચ. પી. ત્રિવેદી**- ૧ ઑગસ્ટ ૨૦૦૮થી પાંચ વર્ષ માટે.

### ચાલુ શૈક્ષણિક વર્ષથી શુભારંભ - બી.એ./બી.કોમ. એક્સટર્નલ

કોલેજમાં નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવીને બી.એ./બી.કોમ. થવાનું જેમના માટે શક્ય ના હોય એવા વિદ્યાર્થીઓની શિક્ષણ ભૂખને સંતોષવા, સમાજ પ્રત્યેના પોતાના ઉત્તરદાયિત્વને નિભાવવા માટે આપણી યુનિવર્સિટીએ બી.એ./બી.કોમ. એક્સટર્નલ પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ પ્રોગ્રામ અંતર્ગત ધોરણ બાર પાસ કરેલ કોઇપણ વિદ્યાર્થી ત્રણ વરસમાં બાવનસો રૂપિયાની ફીમાં બી.એ./બી.કોમ.ની પદવી મેળવી શકે છે. બી.એ. (એકસટર્નલ)ની પદવી અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અર્થશાસ્ત્ર વિષયોમાં આ પ્રોગ્રામ હેઠળ પ્રાપ્ત થઇ શકશે. બી.કોમ. (એક્સટર્નન)ની પદવી એકાઉન્ટન્સી વિષયમાં જ પ્રાપ્ત થઇ શકશે. આ અંગેની વિશેષ માહિતી યુનિવર્સિટીની વેબસાઇટ પરથી મેળવી શકાશે.

યુનિવર્સિટીએ ગયા શૈક્ષણિક વર્ષથી એમ.એ./એમ.કોમ. (એકસટર્નલ)નો કાર્યક્રમ શરૂ કર્યો છે એ પણ અત્રે ઉલેખનીય છે.

### માનવવિદ્યાભવનના પ્રોફેસર ઇનચાર્જ પદે નિમાતા પ્રો. નરેશ એલ. વેદ

અનુસ્નાતક ગુજરાતી વિભાગના **પ્રોફેસર નરેશ એલ. વેદ**ની નિમણૂંક માનવવિદ્યાભવનના પ્રોફેસર ઇનચાર્જ તરીકે કરવામાં આવી છે. અભિનંદન.

**ગુજરાત સરદાર આદિ જાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર** દ્વારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના કેમ્પસ ખાતે **છાત્રાલયના મકાન બાંધકામ** માટે સરકારશ્રીએ રૂા.૧,૪૩,૦૦૦૦૦/-નું અનુદાન સરદાર પટેલ યુનિવર્સિટીને આપ્યું છે.

# बारडोली किसान सत्याग्रहः स्वाधीनता संग्राम के मार्ग में मील का पत्थर

## (बारडोली किसान सत्याग्रह की ८०वीं वर्षगाँठ पर)

वर्ष १९२८ में वल्लभभाई पटेल के नेतृत्व में बारडोली में हुआ किसान-सत्याग्रह एक ओर अहिंसक गाँधीवादी सिद्धान्त का सर्वश्रेष्ठ व्यवहार रहा, तो दूसरी ओर यह भारतीय स्वाधीनता संग्राम के मार्ग में मील का पत्थर भी साबित हुआ। सत्याग्रहों के सम्पूर्ण इतिहास में इसकी कोई बराबरी नहीं है। इस संघर्ष के दौरान ही टाइम्स ऑफ इन्डिया के संवाददाता ने इसके बारे में लिखा था, ''बारडोली में बोल्शेविज्म चल रहा है, तथा वल्लभभाई इसके लेनिन है।''

नेतृत्व की कला के दृष्टिकोण से भी बारडोली सत्याग्रह अद्वितीय रहा। वल्लभभाई ने बारडोली क्षेत्र के समस्त ग्रामों को १४ सत्याग्रह केन्द्रों में बाँटकर, प्रत्येक केन्द्र के लिए एक अथवा आवश्यकता हो, तो एक से अधिक व्यक्तियों को निगरानीकर्ता या मुख्य संगठनकर्ता के रूप में नियुक्त किया था। संगठनकर्ताओं को स्थिति की माँग के अनुसार कार्यवाही करने का उत्तरदायित्व सौंपा गया था। उनके साथ स्वयं वल्लभभाई ग्राम-ग्राम जाकर जन-जागरण करते थे; वे जनता का उत्साह बढ़ाते थे। विशेषकर किसानों की पत्नियों में जोश भरने का कार्य स्वयं वल्लभभाई किया करते थे। उनकी प्रेरणा महिलाओं पर जादू की छड़ी के समान प्रभाव डालती थी। यही कारण भी था कि कुँवरबेन, इच्छाबेन तथा मोहीबेन जैसी महिलाएँ आगे आयीं और महान वीरांगनाएँ बनकर उभरीं।

बारडोली किसान सत्याग्रह एकता की अनूठी मिसाल भी बना। उस समय का साम्राज्यवादी प्रशासन सूरत, गुजरात के बारडोली तालुका के कुल १४९ ग्रामों की जनता द्वारा जाति, वर्ण व धर्म के भेद को भुलाकर दिखाई गई एकता के समक्ष लाचार हो गया। परिणामस्वरूप नीलामी, कुर्की या जब्ती की प्रक्रिया को सरकार अन्जाम नहीं दे दिला सकी। किसानों की गिरफ्तारियाँ सम्भव नहीं हो सकीं। जनता में इतनी एकता थी कि उसने सारे मतभेद भुला दिए थे। जनता संगठित थी और प्रत्येकजन किसानों के समर्थन में खड़ा था। छः माह एक निरन्तर जारी रहने के बाद अन्ततः बारडोली किसान सत्याग्रह सफल हुआ। उस समय की ''बाम्बे प्रेसीडेन्सी'' के गवर्नर लेस्ली ओ. विल्सन को किसानों व उनके नेता के सामने झुकना पड़ा; किसानों की माँगें उन्हें माननी पड़ीं। स्वयं किसानों के नेता वल्लभभाई पटेल को ''सरदार'' की उपाधि से विभूषित किया गया।

इतना ही नहीं, वल्लभभाई पटेल के नेतृत्व वाले बारडोली सत्याग्रह को अन्तराष्ट्रीय ख्याति और मान्यता मिली। इस किसान सत्याग्रह ने देश के सामाजिक और राजनीतिक क्षेत्रों में गहरा प्रभाव छोड़ा। सारे देश में ग्रामीण वर्ग में चेतना का नया दौर प्रारम्भ हुआ। कैसे ? इसे जानने से पहले हमें ऐतिहासिक व अहिंसक बारडोली किसान सत्याग्रह को प्रारम्भ किए जाने के कारणों और साथ ही वल्लभभाई पटेल की इससे सम्बद्धता को जानना होगा।

१९२२ के प्रारम्भ में जब असहयोग और खिलाफत आन्दोलन अपने उत्कर्ष पर था, महात्मा गाँधी ने अपने अहिंसा के सिद्धान्त का पूरा प्रयोग किसी एक तालुका के माध्यम से करने का प्रस्ताव किया। इस सम्बन्ध में कई एक तालुके गाँधीजी को सुझाए गए, लेकिन अन्ततः बारडोली का इस काम के लिए चयन हुआ। बारडोली से अहिंसक कार्यवाही का स्वयं गाँधीजी श्रीगणेश करें, इससे कुछ ही पूर्व उत्तर प्रदेश के तत्कालीन गोरखपुर जनपद के चौरी-चौरा में भीषण हिंसा की घटना घट गई; परिणामस्वरूप गाँधीजी ने जारी असहयोग व खिलाफत आन्दोलन को रोक दिया। बारडोली से प्रारम्भ होने वाली कार्यवाही भी स्थगित हो गई। लेकिन उस समय की साम्राज्यवादी सरकार के अधिकारियों की निगाह में बारडोली तालुका अवश्य आ गया। ''बाम्बे प्रेसीडेन्सी'' के अधिकारियों ने इसीलिए वर्ष १९२७ में, जब प्रेसीडेन्सी में सामान्तः और गुजरात क्षेत्र में विशेषतः लगान के पुनर्निर्धारण की

समीक्षा का समय आया, बारडोली में २२ प्रतिशत लगान वृद्धि कर दी। यह कृत्य वास्तव में अन्यायपूर्ण था, क्योंकि १९२१-२२ की अवधि में इसी तालुका में ३० प्रतिशत लगान वृद्धि की गई थी। किसानों में सरकार के अन्यायी कदम की घोर प्रतिक्रिया हुई। उन्होंने सरकार से लगान वृद्धि के निर्णय को वापस लेने का बारम्बार अनुरोध किया। सरकार ने उनकी एक न सुनी। जब सारी आशाएँ जाती रहीं, तो अन्ततः किसानों ने वल्लभभाई से न्याय दिलाने हेतु सम्पर्क किया। वल्लभभाई उस समय तक अहिंसक सत्याग्रह कार्यक्रम के श्रेष्ठ संगठनकर्ता और नेता के रूप में स्थापित हो चुके थे।

वल्लभभाई ने किसानों के पक्ष को सुना और अपने स्तर से वास्तविकता का विश्लेषण भी कराया। इतना ही नहीं, सत्याग्रह प्रारम्भ करने की स्थिति आ जाए, तो किसानों में कितनी समता होगी, कितना साहस होगा, इस तरह की बातों की जाँच भी उन्होंने करायी। इस सबके बाद गाँधीवादी सिद्धान्त की परम्परा के अनुरूप अप्रैल, १९२८ में सत्याग्रह प्रारम्भ करने से पहले उन्होंने सरकार को लिखा, न्याय की माँग की। उन्होंने फिर लिखा, तीसरी बार चेतावनी दी। सरकार की ओर कोई उत्तर न मिलने पर, किसानों से दृढ़ व एकताबद्ध रहने की अपील के साथ उन्होंने इतिहास प्रसिद्ध बारडोली किसान सत्याग्रह प्रारम्भ किया। किसानों का बारडोली से दुःख-कठिनाइयाँ सहते हुए भी नए जीवन की नींव रखने का उन्होंने आह्वान किया।

समर्पित कार्यकर्ता, जैसे कि इमामसाहेब अब्दुल कादिर बवाज़िर, उत्तमचन्द शाह, मोहनलाल पण्ड्या, जुगतराम दवे, भक्ति लक्ष्मी देवी, मीठुबेन पिटिट, गोपालदास देसाई कल्याणजी, कुँवरजी मेहता आदि ने किसानों में जागृति के लिए अथक परिश्रम किया। प्रसिद्ध पत्रकार उमर सोबानी और उस समय के सार्वजनिक जीवन के जाने-माने लोगों, स्वयं महात्मा गांधी, लाला लाजपत राय, विठ्ठलभाई पटेल व मोतीलाल नेहरू ने किसान संघर्ष को अपना समर्थन व आशीर्वाद दिया।

किसान आन्दोलन ने, वल्लभभाई के नेतृत्व में कई रिकार्ड बनाए। सामूहिक किसान शक्ति के बल पर बारडोली ने पूरे देश को यह संदेश दिया कि गाँधावादी अहिंसक मार्ग देश को स्वतंत्र कराने में पूर्ण सक्षम है। इसी के साथ, दो अभूतपूर्व परिणाम इस किसान सत्याग्रह की सफलता के कारण सामने आए :

१. जहाँ एक ओर सरकार किसानों और ग्रामीणों की समता और शक्ति का अनुमान लगा सकी, दूसरी ओर देशभर के किसानों को बारडोली सत्याग्रह से एकताबद्ध होने की प्रेरणा मिली। परिणामस्वरूप, देश के हर भाग से अन्याय के विरुद्ध संघर्ष करने के उद्देश्य से किसान घरों से निकले, विशेषकर बढ़ा हुआ लगान उनके संघर्ष का आधार बना। ऐसी स्थिति में साम्राज्यवादी सरकार की स्थिति दयनीय बनी; मुख्यतः उस समय के बर्मा के राजस्व सचिव से जो खुफिया रिपोर्ट भारत सरकार को ३१ अक्टूबर, १९३० को प्राप्त हुई, उसने उसे चौंका दिया। रिपोर्ट में सुझाव के तौर पर उल्लेख था, ''बारडोली के किसानों के आन्दोलन के देश के दूसरे भागों पर पड़े प्रभाव को देखते हुए, समस्त प्रान्तीय सरकारों को अविलम्ब बढ़ाए गए भूराजस्व की समीक्षा करनी चाहिए; इस बाबत आवश्यक कदम उठाने चाहिए,'' तथा

२. इस सत्याग्रह की सफलता के बाद से किसानों की राष्ट्रीय मुक्ति आन्दोलन में बड़े पैमाने पर भागीदारी शुरू हुई, जो मात्र एक वर्ष कुछ माह बाद नमक कानून भंग द्वारा प्रारम्भ हुए सविनय अवज्ञा आन्दोलन से स्वयंसिद्ध है।

इस प्रकार भारत के राष्ट्रीय मुक्ति आन्दोलन में बारडोली किसान सत्याग्रह का योगदान ऐतिहासिक रहा था। इसने किसान वर्ग में जागृति का अभूतपूर्व काम किया। निसन्देह यह राष्ट्रीय आन्दोलन के मार्ग का मील का पत्थर सिद्ध हुआ तथा यह आज तक भी प्रेरणादायक है।

**– रवीन्द्र कुमार**
**पूर्व कुलपति, मेरठ विश्वविद्यालय**
ravindrakumar5@rediffmail.com

(Continued from Pg. 10)

મનોજ દાસગુપ્તાએ સાચું ભારત કોને કહેવાય ? તેની વિશેષતા શી છે ? એની સેવા કઇ રીતે કરી શકાય ? આશ્રમની શિક્ષણ પ્રણાલિ અન્ય કરતાં કઇ રીતે અલગ પડે છે ? વગેરે બાબતોને સ્પર્શતી પ્રશ્નોત્તરી કરી. શ્રી અરવિન્દો સોસાયટીના ચેરમેન પ્રદીપ નારંગે દૈનિક જીવનમાં સાધના અંગે વાર્તાલાપ આપ્યો. અનુબહેન પુરાણીએ શિબિરાર્થીઓને પ્રાદેશિક સંકુચિતતા છોડીને ભારત માતા માટે કાંઇક કરી છૂટવાનો અનુરોધ કર્યો. મેજર જનરલ તિવારીએ ઓરોવિલનો પરિચય કરાવ્યો. પોતાના યુદ્ધ જીવનના અનેક રોમાંચક પ્રસંગો શિબિરાર્થીઓને કહ્યા. આશ્રમના સેન્ટર ઑફ એજ્યુકેશનના વરિષ્ઠ અધ્યાપક જુગલ કિશોર મુકરજીએ અહીંના વિશિષ્ટ શૈક્ષણિક પ્રયોગની ચર્ચા કરી. કિટ્ટુ રેડ્ડીએ સાચા જીવનમૂલ્યો અને આંતરરાષ્ટ્રીય રાજકારણ - એમાં ભારતની ભૂમિકા અંગે પ્રશ્નોત્તરી કરી. ચિન્મયી બહેને સંસ્કૃતના મહત્ત્વ અંગે વાર્તાલાપ આપ્યો.

શિબિરના ભાગરૂપે એક આખો દિવસ ઓરોવિલ ખાતે પસાર કર્યો. ત્યાં મેજર જનરલ તિવારીએ સૌને આવકાર્યા. એમના દીકરી દીપ્તિએ પણ શિબિરાર્થીઓને ઓરોવિલ અંગે, જીવનના ધ્યેય અંગે પરિચયાત્મક વાર્તાલાપ આપ્યો. શિબિરાર્થીઓએ ઓરોવિલ ખાતે ભારતભવન, સાવિત્રી ભવન, તિબેટીયન પેવેલિયન અને સેન્ટર ફોર સાયન્ટીફિક રીસર્ચની મુલાકાત લીધી. અહીં સોલાર એનર્જી, બિલ્ડીંગ ટેકનોલોજી, વોટર મેનેજમેન્ટ ક્ષેત્રે થઇ રહેલા સંશોધનનો હેમંત લાંબાએ પરિચય આપ્યો. એ પછી શિબિરાર્થીઓએ ઘાસ અને ફૂલને સુકવીને એમાંથી કલાત્મક કાર્ડ્ઝનું નિર્માણ કરતા શ્રદ્ધાંજલિ યુનિટની મુલાકાત લીધી. ઓરોવિલ ખાતે માતૃમંદિરમાં સૌને ધ્યાન કરવાનો અવસર પ્રાપ્ત થયો એ પણ વિશેષરૂપે ઉલ્લેખનીય છે.

શિબિરાર્થીઓએ પુદુચેરીથી દૂર આશ્રમના *લેક એસ્ટેટ*ના એક વિભાગની પણ મુલાકાત લીધી હતી. સાવ ખડકાળ જમીનમાં આશ્રમના સાધકો, વિદ્યાર્થીઓએ ત્રણેક દાયકાની મહેનતથી જે નંદનવન સરજ્યું છે એનો શિબિરાર્થીઓને પરિચય મળ્યો. આવી જ એક પ્રેરક મુલાકાત પુદુચેરી ખાતેના વાઇલ્ડ સ્પીસીસ પ્રીઝર્વેશન, કન્ઝર્વેશન એન્ડ રીસર્ચ સેન્ટરની બની રહી. પર્યાવરણ ક્ષેત્રે આપણે શું કરી શકીએ એનો સૌને ખ્યાલ આવ્યો.

શિબિરાર્થીઓએ કવિ સુન્દરમ્‌ના ઘરની મુલાકાત લીધી. ત્યાં કવિપુત્રી સુધા સુન્દરમે્ સુન્દરમ્‌ના કાર્યનો સૌને પરિચય આપ્યો. આશ્રમની શાળા, એના અધ્યાપકો, વિદ્યાર્થીઓની પણ મુલાકાત લીધી. રોજ એક નવા ફૂલનો એના આધ્યાત્મિક તાત્પર્યનો, સંસ્કૃત સુભાષિત, અંગ્રેજી સાહિત્યની યાદગાર કાવ્યપંક્તિનો શિબિરાર્થીઓને પરિચય પ્રાપ્ત થયો. શિબિરના અંતે શિબિરાર્થીઓએ એક નાનકડો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કર્યો.

આ શિબિરનું આયોજન શ્રી ઓરોબિન્દો ચેર ઑફ ઇન્ટિગ્રલ સ્ટડીઝ અને પૂજ્ય શ્રી મોટા પ્રેરિત શ્રી અરવિન્દ દર્શન વ્યાખ્યાનમાળા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું. શિબિરનું સંચાલન પ્રો. ડી. એસ. મિશ્રા અને પરમ પાઠકે કર્યું.

## શિબિરાર્થીઓના પ્રતિભાવો

- ખરેખર, આ શિબિરમાંથી મને ઘણું બધું શીખવા મળ્યું છે. આજકાલ બધા જ માનવીઓના મગજમાં આધ્યાત્મિક જીવન વિશે ઘણી બધી ગેરસમજ ઊભી થઇ હોય છે. તો ખરેખર આધ્યાત્મિક જીવનનો શું અર્થ થાય છે તે મને શીખવા મળ્યું છે.

**- નિયતિ વ્યાસ**
નલિની આર્ટ્સ કોલેજ

- અત્યાર સુધી જીવનને કઇ તરફ લઇ જવું છે એ દિશા હું નક્કી કરી શક્યો ન હતો, આ શિબિરમાં જોડાયા બાદ મને મારા જીવનની એક ચોક્કસ દિશા મળી છે.

**- ભાવેશ મકવાણા**
અનુસ્નાતક અંગ્રેજી વિભાગ

- હું પહેલા ક્યારે કાંઇ રજૂ કરવામાં ગભરાતો હતો પરંતુ આ શિબિરમાંથી હું બોલતો થયો. સારી રજૂઆત પણ કરી શક્યો, બીક દૂર થઇ.

**- હરદીપસિંહ ગઢવી**
અનુસ્નાતક ઈતિહાસ વિભાગ

- ઓરોવિલની મુલાકાત મારા જીવનનું મહત્ત્વનું સંભારણું બની રહેશે. ત્યાં અનુભવેલ મનની શાંતિ-ઇશ્વર સાથેની આત્મીયતાની અનુભૂતિ મને ક્યારેય ભૂલાશે નહીં.

**- વિદ્યાબહેન પરમાર**
એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન

- જે મારી ૨૦ વર્ષની ઉંમરમાં ન શીખ્યો તે માત્ર ૧૦ દિવસમાં શીખ્યો.

**- હિતેન્દ્ર વાઢેર**
બી. જે. વી. એમ.

- What I actually learned from this camp is the self-discipline.

**- Juhi Shah**
B. J. V. M.

## એક અનોખો યુવાશિબિર

ઉનાળાની રજાઓમાં આપણા વલ્લભ વિદ્યાનગરથી બે હજાર કિ.મી. દૂર સાગર કિનારે શ્રી અરવિન્દ આશ્રમ પુદુચેરી ખાતે એક અનોખો યુવા શિબિર યોજાઇ ગયો. આપણી યુનિવર્સિટીની આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, એજ્યુકેશન, હોમસાયન્સ જેવી વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરી રહેલા એકવીસ વિદ્યાર્થીઓ આ શિબિરમાં જોડાયા હતા. સૌને આ શિબિરમાંથી વધારે સારું જીવન જીવવાની દૃષ્ટિ પ્રાપ્ત થઇ હતી.

૭ જૂન ૨૦૦૮ના રોજ આ શિબિરનો આરંભ થયો. ૧૬ જૂન સુધી એટલે કે દશ દિવસ સુધી આ શિબિર ચાલ્યો. આ સમય દરમિયાન શિબિરાર્થીઓએ સૌન્દર્ય, શક્તિ, જ્ઞાન અને પ્રેમને જીવનમાં કઇ રીતે પ્રગટાવી શકાય એ માટે સહચિંતન કર્યું. આ માટે શ્રીમાતાજીના પુસ્તક 'ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિ'નો સ્વાધ્યાય કરવામાં આવ્યો. વળી, મનોજ દાસગુપ્તા, પ્રદીપ નારંગ, જુગલકિશોર મુકરજી, અનુબહેન પુરાણી, મેજર જનરલ તિવારી, કિટ્ટુ રેડ્ડી, ચિન્મયી માહેશ્વરી જેવા શ્રી અરવિન્દ આશ્રમના સાધકોની શિબિરાર્થીઓએ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત પોંડિચેરીથી દશેક કિ.મી. દૂર તામિલનાડુમાં નિર્માણ પામી રહેલા આંતરરાષ્ટ્રીય નગર ઓરોવિલ અને લેક એસ્ટેટ, પોલ્ટ્રી ફાર્મ જેવા સ્થળોની શિબિરાર્થીઓએ મુલાકાત લીધી હતી. એટલું જ નહીં શિબિરાર્થીઓએ મનની તપસ્યાના થીમ પર એક નાનકડું કલાત્મક પ્રદર્શન પણ આશ્રમના એક્ઝીબિશન હાઉસ ખાતે યોજ્યું હતું. આશ્રમના સાધકો અને અન્ય મહાનુભાવોએ આ પ્રદર્શન નિહાળ્યું હતું.

શિબિરનો આરંભ સૂર્યોદય પૂર્વે થતો હતો. પ્રો. ડી.એસ. મિશ્રાની સાથે શિબિરાર્થીઓ બીચ પર ફરવા જતા હતા. સમુદ્રમાંથી ઉદય પામતા સૂર્ય, સમગ્ર પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવાનો એક અવસર આ રીતે શિબિરમાં પ્રાપ્ત થયો. શિબિરની બેઠકો સવારે નવથી સવા અગિયાર અને બપોરે ત્રણથી સવા પાંચ દરમિયાન યોજાઇ. આ બેઠકોમાં 'ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિ' પુસ્તકનો સ્વાધ્યાય થયો. વરિષ્ઠ સાધકોની મુલાકાતો યોજાઇ. શ્રી અરવિન્દ આશ્રમના મેનેજિંગ ટ્રસ્ટી અને શ્રી ઓરોબિન્દો ઇન્ટરનેશનલ સેન્ટર ઑફ એજ્યુકેશનના ડાયરેક્ટર

(Continued on Pg. 9)

## Subscribe Today

**Annual**
Students : Rs.10.00
Others : Rs.15.00
Institutions : Rs.100.00

**Life**
Faculty & Staff : Rs.200.00
Institutions & Individuals : Rs.500.00

**Lifetime Subscription in Foreign Exchange:**
US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120. Email: sheelshrutam@gmail.com**

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.